# ભારતીય જનતા પાર્ટી

"પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, સત્યનગરની સામે,
ઉધના–નવસારી મેઈન રોડ, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,　　　　　　　　　　　　　　　　　　　　　　　તા. ૧૦/૦૨/૨૦૧૭

તંત્રીશ્રી,

..................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

- થી વિકાસથી વંચિત વનબંધુઓ માટે આદિજાતિ વિકાસ બોર્ડની રચના જ ભાજપના શાસનમાં થઈ : જીતુભાઈ વાઘાણી
- કોંગ્રેસના શાસનમાં આદિવાસીઓ ઘેર ઘેર ચૂલા ફુંકતા હતાં અને ભાજપના શાસનમાં ઘરે ઘરે ગેસ સિલીન્ડર પહોંચ્યા : સાંસદ શ્રી ડૉ. હિનાબેન ગાવિત
- વિકાસના કામોમાં કોંગ્રેસ હવનમાં હાડકાં નાંખી રહી છે : ભરતસિંહ પરમાર

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડૉ. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા પાર્ટી આયોજિત આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનું ઠેર ઠેર ઉમળકાભેર આવકાર સાથે ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવી રહયું છે. ૬૦ વર્ષ સુધી રાજ કરનારી કોંગ્રેસે આદિવાસીઓને વિકાસથી વંચિત રાખ્યા હતાં. વર્ષોથી વિકાસથી વંચિત વનબંધુઓ માટે આદિજાતિ વિકાસ બોર્ડની રચના જ ભાજપના શાસનમાં થઈ હોવાનું પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

# ભારતીય જનતા પાર્ટી

“પંડિત દીનદયાળ ભવન”, ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, સત્યનગરની સામે,
ઉધના–નવસારી મેઈન રોડ, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

---

આદિવાસી સમાજની આરાધ્ય દેવી દેવમોગરાદેવીને યાદ કરી તેમના ચરણોમાં પ્રણામ કર્યા હતાં અને યાત્રાના સ્વાગત માટે બે થી ત્રણ કલાક સુધી રાહ જોનારા સર્વે આદિવાસી સમાજની પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ સૌ પ્રથમ માફી માંગી આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર દુનિયાને જેના ઉપર આશા છે એવા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાનો જન્મ દિવસ આદિવાસી સમાજ સાથે ઉજવ્યો છે. આદિવાસીઓ શિક્ષિત થાય તો કોંગ્રેસને મત ન આપે આથી કોંગ્રેસે આદિવાસીઓને અશિક્ષિત રાખવાનું પાપ કર્યુ હતું.

આદિવાસીઓને શિક્ષિત કરવા માટે કન્યા કેળવણી તથા બેટી બચાવો–બેટી પઢાવો અભિયાન સાથે આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી લોકોના ઘર ઘર સુધી ફર્યા હતાં. જેના કારણે આજે આદિવાસી સમાજના શિક્ષણમાં સુધારો થયો છે. આજે ૭૦ ટકા જેટલી કન્યાઓ શિક્ષણ લઈ રહી છે. કોંગ્રેસના ૬૦ વર્ષના શાસનમાં ૧૦ હજાર કરોડનું બજેટ હતું જે વપરાતું પણ ન હતું. **જ્યારે ભાજપના શાસનમાં આદિવાસી સમાજ માટે એક જ વર્ષમાં ૧૦ હજાર કરોડના બેજટની ફાળવણી કરવામાં આવી હતી.** આદિવાસીઓના વિકાસ માટે કોંગ્રેસે ૬૦ વર્ષમાં કાંઈ જ કર્યું ન હતું. જયારે ભાજપના શાસનમાં જ આદિવાસી વનબંધુઓના વિકાસ માટે આદિજાતિ વિકાસ બોર્ડની રચના થઈ હતી એવું પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

કુકુરમુંડા ગામે ૫૦૦૦ થી વધુ લોકોએ યાત્રાનું સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત નંદુરબારના સાંસદ ડો. હિનાબેન ગાવિતએ જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે કોંગ્રેસના શાસનમાં આદિવાસીઓ ઘેર ઘેર ચૂલા ફૂંકતા હતાં પરંતુ જયારે કેન્દ્રમાં ભાજપની સરકાર આવી ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ગરીબ અને આદિવાસીઓના ઘરોમાં ગેસના સિલીન્ડર આવી ગયા છે. નિઝર ગુજરાત અને મહારાષ્ટ્રની બોર્ડર પર છે જ્યાં વર્ષો પહેલા સ્થિતી પરથી જ ખબર પડી જતી હતી કે મહારાષ્ટ્ર કયુ અને ગુજરાત કયું , હવે ભાજપના શાસન સાથે વિકાસનો પાયો નંખાયો છે. આદિવાસી પટ્ટાનો વિકાસ કરવો હોય **તો આદિવાસી વિસ્તારમાંથી કોંગ્રેસને જાકારો આપવા મહારાષ્ટ્ર રાજ્યના નંદુરબારના સાંસદ શ્રીમતી ડૉ. હિનાબેન ગાવિતે હાંકલ કરી હતી.**

# ભારતીય જનતા પાર્ટી

"પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, સત્યનગરની સામે,
ઉધના–નવસારી મેઈન રોડ, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

---

આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાના ઈન્ચાર્જ અને પ્રદેશ ભાજપના મહામંત્રીશ્રી ભરતસિંહજી પરમારે આદિવાસી ગામઠી ભાષામાં એકુજ ચાલે.. ભાજપ ચાલે...નો સુત્રોચ્ચાર જનમેદની પાસે કરાવી સંબોધન કરતાં જણાવ્યું હતું કે નોટબંધી ભ્રષ્ટાચારીઓ અને આંતકવાદીઓ સામેનુ હથિયાર હતું. **પરંતુ ભ્રષ્ટચારમાં ગળાડૂબ ભ્રષ્ટાચારી કોંગ્રેસ નોટબંધીનો વિરોધ કરતી હતી. કોંગ્રેસ એમ માનતી હતી કે નોટબંધીને કારણે નોટબંધી** ભાજપને ડુબાડશે. **પરંતુ દેશની જનતા સારી રીતે જાણે છે કે નોટબંધી ચોરો સામેનું હથિયાર છે અને આથી હાલમાં જ ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક ચૂંટણીઓમાં પણ જનતાએ કોંગ્રેસને જાકારો આપ્યો હતો. ગુજરાતની સ્થાનિકા ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને ૧૨૬ બેઠકોમાંથી ૧૦૯ બેઠક મળી હતી. યેનકેન પ્રકારે પ્રજાને ગુમરાહ કરી સત્તા હાંસલ કરવાના કોંગ્રેસના સપના કયારેય સાકાર થવાના નથી.**

આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા આજરોજ નિઝર, કુકરમુંડા, સાગબારા, ડેડીયાપાડા, ચીકદા, ઉમરપાડા, વાડી, નેત્રંગ, મોવી, રાજપીપળા અને કેવડીયા વિસ્તારમાં ફરી હતી. અને તમામ સ્થળે લોકોએ ઉમળકાભેર આવકાર સાથે ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યુ હતું.

આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા દરમ્યાન માંગરોળ તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા શ્રી જયેન્દ્રસિંહ ઠાકોર, માંગરોળ તાલુકા જનતા દળના માજી પ્રમુખ શ્રી મહેશભાઈ પરમાર, કોંગ્રેસના ગત તાલુકા પંચાયત ઉમેદવાર શ્રી હેમંતભાઈ આહિર, માજી તાલુકા પંચાયત સભ્ય શ્રી ખુશાલભાઈ પરમાર, પાનસરા માજી સરપંચ શ્રી ભરતભાઈ પટેલ, બી.ટી.એસ.ના આગેવાન શ્રી મયુરસિંહ સોલંકી, નંદાવના સંરપંચ શ્રી અર્જુનભાઈ વસાવા, તાલુકા કોંગ્રેસ આગેવાન શ્રી સંજયભાઈ વશી, મોટી પારડી ગામના કોંગ્રેસના આગેવાનો શ્રી કિશનસિંહ કોસંબીયા, શ્રી મુકેશભાઈ આંકદડીયા, શ્રી મુકેશસિંહ પરમાર સહિત કાર્યકર્તાઓ કોંગ્રેસમાંથી ભાજપામાં જોડાયા હતા.

આજના દિવસની આદિવાસી વિકાસ ગૌરવ યાત્રામાં ગુજરાતના મંત્રી શ્રી આત્મારામભાઈ પરમાર, શ્રી છત્રસિંહ મોરી, મંત્રી શ્રી મનસુખભાઈ વસાવા, શ્રી મોતીસિંહ વસાવા, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, ધારાસભ્ય શ્રી અજયભાઈ ચોકસી, ગુજરાત પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, તાપી જીલ્લા પ્રમખ શ્રી જયરામભાઈ ગામીત સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.